# કુળદેવી ઉમિયા માતાજીના મંદિરે વસંત પંચમીનો લોકમેળો યોજાયો

મહેસાણાના ઊંઝા સ્થિત કડવા પાટીદારોનાં કુળદેવી ઉમિયા માતાજીના મંદિરે આજે સોમવારે વસંત પંચમી નિમિત્તે લોકમેળો ભરાશે. જ્યારે માતાજીને વસંતિયું એટલે કે શ્વેત સાડી પહેરાવી એના ઉપર કેસૂડાનો રંગ છાંટવામાં આવ્યો હતો. માતાજીને મહા સુદ-૫ થી ફાગણ વદ-૫ સુધી શ્વેતવસ્ત્રનો શણગાર કરાય છે. જેની આજથી વિશેષ પૂજા કરીને શરૂવાત કરવામાં આવી હતી.



આજે મહેસાણાના ઊંઝા સ્થિત કડવા પાટીદારોનાં કુળદેવી ઉમિયા માતાજીના મંદિરે આજે વસંતિયુંનો ખાસ મહત્વને ધ્યાન પર રાખીને દર વર્ષની જેમાં આ વર્ષે પણ માં ના સણગારમાં ફૂલોની સાથે માં ઉમિયા આજે વસંતિયું ધારણ કરીને શ્વેત સાડીમાં જોવા મળ્યા હતા. આ વસંત પંચમી નિમિત્તે મંદિરે પ્રાતઃકાળ ૪ વાગે ઉમિયા માતાજીની મંગળા આરતી તેમજ વસંતિયું ધારણ કરવામાં આવ્યું હતું. માતાજીને ફૂલોની વિશેષ આંગી પણ કરાઈ હતી. માતાજી નંદી ઉપર આજે બિરાજમાન રહેશે જ્યારે પાટીદાર ખેડૂતો આજે ઘરે ઘરે ખેતરમાં બળદ પર હળ પણ મુકે અને કંસારનું જમણ પણ કરશે. મંદિરના શિખરે સવારે ૯.૧૫ વાગે નવી ધ્વજા ચઢવામાં આવી હતી જેમાં ભક્તો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર મંદિરને રોશનીથી ઝળહળતું કરાયું છે. માને નૈવેદ્ય ધરાવી ભક્તોને પ્રસાદ પણ આજે આ વસંતિયુંના નીમેતે કરવામાં આવનાર છે. માઈભક્તોના ધસારાને લઈ દર્શન, પ્રસાદની વ્યવસ્થા ઉમિયા માતાજી સંસ્થા દ્વારા આયોજન કરાયું છે. ખેતી અને પશુપાલન ઉપર નભતા પાટીદાર સમાજમાં વસંત પંચમીનું ખૂબ મહત્વ છે જેથી આજે પાટીદાર સમાજ લગભગ દર્શન અર્થે અહી આવશે.



# થરાદના જેતડા ગામમાં પદ્માવત ફિલ્મનો વિરોધ

થરાદ તાલુકાના જેતડા ચાર રસતા પર મહાકાલ સેના દ્વારા પદ્માવત ફિલ્મના વિરોધમાં હાઈવે પર ટ્રાફિક જામ કરી સુત્રોચ્ચાર સાથે પોતાનો રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો.યુવકો દ્વારા મોટાં વાહનના ટાયરોને પેટ્રોલથી સળગાવવામાં આવતા ચારેબાજુ ધુમાડાના ગોટા સાથે અફરાતફરીનો માહોલ ફેલાવા પામ્યો હતો.

જોકે યુવકો ફિલ્મનો વિરોધ કરવાના હોવાની જાણ થરાદ પોલીસને થતાં પોલીસ દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ બને તેને કાબુમાં લેવા અગાઉથી ફાયર ફાઈટરની વ્યવસ્થા કરી રાખવામાં આવી હતી.જોકે તે આવે તે પહેલાં અચાનક આવી ચડેલા જેતડા મહાકાલ સેના ના અનેક કાર્યકરો કાર્યકરોએ ચારરસ્તા પર હલ્લાબોલ કરી ટાયરો સળગાવી ડીસા-થરાદ હાઈવે પર ડીસા અને થરાદ બાજુના બેય રસ્તા પર આવતાં વાહનોને ઉભા રાખવાની ફરજ પાડતાં ટ્રાફીક જામ થવા પામ્યો હતો.

પોલીસ અગાઉથી ચારરસ્તા પર હોવા છતાં પણ કર્મીઓ કરતાં કાર્યકરોની સંખ્યા વધારે હોવાના કારણે પોલીસે તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો ત્યાં સુધીમાં કાર્યકરોએ સૂત્રોચાર સાથે રોડ વચ્ચે બેસી તથા વાહનો પર ચડી જઈ ભારે હોબાળો મચાવી દીધો હતો કર્મચારીઓએ ફાયર ફાયટરથી ટાયરો હોલવી થરાદ પોલીસે મહેન્દ્રસિંહ લક્ષમનસિંહ ચૌહાણ, દાતારસિંહ ગુલાબસિંહ ચૌહાણ, કરસનસિંહ અનોપસિંહ ચૌહાણ, પીરાભાઈ લક્ષમણભાઈ રાજપૂત, માધુસિંહ ભગવનજી ચૌહાણ તમામ રહે જેતડા વાળા વિરુદ્ધ થરાદ પોલીસે કાયદેસરની ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી થરાદ પોલીસે હાથ ધરી છે.



## મોડાસામાં ધી રોડ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી દ્વારા ઈંધણ બચાવો જાગૃતિ સાયકલ રેલી યોજાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ધી રોડ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના સંયુક્ત ઉપક્રમે ''ઈંધણ બચાવો'' અંગે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં શહેરના જાગૃત નાગરિકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા અને જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ સહકારી મંડળીના ચેરમેન રાજજાકભાઈ ટીંટોઈયા, સર્વોદય બેન્કના ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયા, આઈઓસીના મેનેજર દિપક રાઠોડ સહીત ટ્રાન્સપોર્ટના ધંધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



અરવલ્લી જિલ્લામાં મોડાસાના રાજપુર (મહાદેવગ્રામ) નજીક ડાલુંમાં લઈ જવાતાં ૩૫ જેટલા ગાય-વાછરડાં ઝડપી લઈ મોડાસા રૂરલ પોલીસે પશુસંરક્ષણ ધારા અન્વયે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. જાહેર માર્ગ થઈ અંદરના નાળિયા જેવા અંતરિયાળ ગ્રામીણ રસ્તેથી પસાર થતા ગાય વાછરડાં ભરેલા ડાલું ગામલોકો જોઈ જતા આસપાસના ગામોના જાગૃત નાગરિકોએ પોલીસને જાણ કરતાં આ ગૌવંશનો બચાવ થયો હતો. ગ્રામલોકોની સતર્કતા અને જાગૃકતાની ભારે પ્રશંશા થઈ રહી છે.

# દાંતીવાડા તાલુકાના નાંદોત્રા મુકામે જાગીદાર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

દાંતીવાડા, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના નાંદોત્રા મુકામે ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને વાઘેલા જાગીદાર સમાજ વિકાસ ટ્રસ્ટ, દાંતીવાડા દ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે નવા ચૂંટાયેલા ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાનું સમાજ દ્વારા તલવાર અર્પણ કરી, શાફો પહેરાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ ધોરણ-૮ થી ૧૨ અને ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે સફળતા મેળવનાર તેજસ્વી વિધાર્થીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે સમય ખુબ ઝડપથી બદલાઈ રહ્યો છે ત્યારે સમય સાથે કદમ મિલાવી આપણા બાળકોને સારું ઉચ્ચ શિક્ષણ અપાવવું પડશે. તેમણે કહ્યું કે કુરિવાજો, વ્યસનો અને કુટેવોને તિલાંજલિ આપી બાળકોને સારુ શિક્ષણ અપાવી શિક્ષિત અને સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ. તેમણે કહ્યું કે દાંતીવાડા મુકામે સમાજના સાથ અને સહકારથી દિકરીઓને રહેવા અને ભણવા માટે શૈક્ષણિક સંકુલ બનાવવાનું આયોજન છે.

# મોડાસા શહેરના બાયપાસ પર વર્ષો જૂની ચાર સર્કલની માંગ પૂર્ણ થશે

## જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક સર્વેની કામગીરી હાથ ધરી : મોડાસા શહેરના બાયપાસ સુધીના માર્ગો ૧૬ કરોડના ખર્ચે ફોરલેન બનશે

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બાયપાસ રોડ પરથી દિલ્હીથી મુંબઈ જતા ભારવાહન ચાલકો અને અન્ય વાહનચાલકો પસાર થતા હોવાથી સતત દિવસ-રાત ભારે ટ્રાફિક રહેતો



હોવાથી અને અહીંથી પસાર થતા વાહનચાલકો પુરઝડપે પસાર થતા હોવાથી બાયપાસ રોડ પર સર્કલના અભાવે વારંવાર અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડતા લોકોમાં સર્કલ બનાવવા અનેકવાર રોડ પર ચક્કાજામ પણ રહીશોએ કર્યો હતો. મોડાસાની વિવિધ સેવાકીય સંસ્થો દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી આવેદનપત્ર આપવાની સાથે જવાબદાર તંત્ર અને વહીવટી તંત્ર સહીત રાજ્યકક્ષાએ અનેકવાર રજુઆત કરવામાં આવતા આખરે મોડાસા શહેરના બાયપાસ રોડ પર ૪ જગ્યાએ સર્કલ બનાવવાની માંગને સ્વીકારવામાં આવતા અને તંત્ર દ્વારા સર્વે સહિતની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી કામગીરી હાથ ધરાતા શહેરીજનોમાં આનંદ છવાયો હતો. તદઉપરાંત મોડાસા બાયપાસ રોડને જોડાતા માર્ગોને ચાર માર્ગીય રોડ બનાવવા રાજ્ય સરકારે ૧૬ કરોડ ફાળવતા મોડાસા શહેરમાં મહદંશે ટ્રાફિક હળવો થશે.

શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ-૨૭ મોડાસા શહેરમાંથી પસાર થતા ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે મોડાસા શહેરની બહાર બાયપાસ રોડ બનાવવામાં આવ્યો હતો અને ભારવાહક વાહનો બાયપાસ રોડ પરથી પસાર પુરઝડપે પસાર થતા હોવાથી જિલ્લા સેવાસદન, બાજકોટ જંકશન, મેઘરજ બાયપાસ ચોકડી અને માલપુર બાયપાસ ચોકડી પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે વાહનોની અડફેટે ચડતા અકસ્માતની ઘટનાઓનો ક્રમ રોજબરોજનો બની જવાની સાથે કેટલાય નિર્દોષ વાહનચાલકોએ જીવ ગુમાવવો પડતા મોડાસા શહેરીજનો અને સેવાકીય સંસ્થાઓ દ્વારા ઉચ્ચકક્ષાએ ઉગ્ર રજુઆત કરતા લોકમાંગ જવાબદાર વિભાગીય તંત્ર દ્વારા સ્વીકારી સર્વેની કામગીરી હાથ ધરી ટૂંક સમયમાં ૪ સ્થળોએ સર્કલ બનાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સર્કલ બનાવવા જગ્યાની માપણી કરી હતી. આ સમયે એલએન્ડટી અને માર્ગ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા શહેરથી બાયપાસ રોડને જોડાતા માર્ગો પહોળા કરવા માટે રાજ્યસરકારમાંથી ૧૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજુર થતા ટૂંક સમયમાં તમામ માર્ગો ફોરલેન બનાવની કામગીરી હાથ ધરવામાં આવશે જેથી શહેરમાં દિનપ્રતિદિન વધતા ટ્રાફિકથી શહેરીજનોને રાહત મળશે. મોડાસા શહેરના માર્ગો હાલ ટેકનિકલ રીતે ભૂલ ભરેલ હોવાથી ટ્રાફિકની સમસ્યા વધુ રહેતી હોવાથી ચાર માર્ગીય શહેરીમાર્ગોના નિર્માણ સમયે આ ક્ષતિ સુધારી લેવામાં આવે તેવું કેટલાક શહેરીજનોની માંગ પ્રબળ બની છે.

## મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૨૧

શ્રી મોડાસા એકડા દશા ખડાયતા સમાજ, મોડાસા દ્વારા રવિવારના રોજ ખડાયતા છાત્રાલયમાં કોટિયર્ક હોલ ખાતે મેડીકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭૫ જેટલા સમાજના જ્ઞાતિબંધુઓના બધાજ પ્રકારના 'પેથોલોજીકલ લેબોરેટરી ટેસ્ટ' કરવામાં આવ્યા તથા ૧૦૦ જેટલા વ્યક્તિઓના ઈસીજી (કાર્ડિયોગ્રામ) લેવામાં આવ્યા હતા. આ કેમ્પનું સફળ આયોજન સમાજના પ્રમુખ સુનીલભાઈ ડી. શાહ અને પ્રોગ્રામ કન્વીનર ભૌમિકભાઈ બી. શાહ દ્વારા કરવામાં આવ્યુ હતું.

# પ્રાંતિજ ખાતે અનાથ બાળકો તથા વૃદ્ધોને ભોજન તથા ગરમ કપડાંનું વિતરણ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામીકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપની દ્વારા અનાથાશ્રમના બાળકો તથા વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ભોજન કરાવી ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ તાલુકાના ગળતેશ્વર ખાતે આવેલ અંબર્ટો સિરામિકસ ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપની દ્વારા પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ આઈ.પી.મિશનમાં આવેલ અનાથ આશ્રમના અનાથ બાળકોને સ્થળ ઉપર જઈને ભોજન સહિત ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. અનાથ બાળકોને ગરમ કપડાંની સાથે કટલરી ચીજવસ્તુઓ પણ પુરી પાડવામાં આવી હતી. નેશનલ હાઈવે આઠ શ્રી માલ્કર્ડેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ તીર્થાગન વિસામો વૃધ્ધાશ્રમ ખાતે રહેતાં વૃધ્ધોને પણ ભોજન કરાવી તેવોને પણ શાલ, ટોપી, સ્વેટર સહિતનાં ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીના જનરલ મેનેજર હરીશ જે. સૈયદ, ફાયનાન્સીયલ ઓફિસર વિનય કુંભત, કંપનીના એચ.આર રમાકાન્ત દાસ, જનરલ મેનેજર તારાકાન્ત દાસ, ડૉ. એન.કે. ડેરિયા, વિશ્વેશ્વર ગોસ્વામી સહિત કંપનીનો સ્ટાફ ઉપસ્થિત રહીને પ્રાંતિજ અનાથાશ્રમના બાળકોને તથા વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ભોજન સહિત ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. તો અનાથાશ્રમના બાળકો તથા વૃધ્ધાશ્રમના વૃધ્ધોના ચહેરા ઉપર સ્મિતની સાથે ખુશી જોવા મળી હતી.



ધી તલોદ કેળવણી મંડળ તથા ગીતાંજલી ટ્રસ્ટ દ્વારા વિજયપદ્મ વક્તૃત્વ સ્પર્ધા શ્રી સી.ડી. પટેલ હાઈસ્કૂલ, તલોદમાં રાજેન્દ્રસિંહ એન. કુંપાવતના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. જેમાં ઉદ્‌ઘાટન ગજેન્દ્રસિંહ યુ. પરમાર (ધારાસભ્ય) તથા કુબેરભાઈ ડીડોર (ધારાસભ્ય) દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વ. શાન્તુભાઈ ચુનીભાઈ પટેલ પ્રાંતિજ/તલોદ તાલુકા પ્રાથમિક શાળા વિજયપદ્મ વક્તૃત્વ સ્પર્ધામાં શાળા કક્ષાએ શાન્તુભાઈ ચુનીભાઈ પટેલ પ્રાથમિક શાળાને પ્રથમ નંબર મેળવી ફરતો સીલ્ડ અને રૂ. ૧૧ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યુ હતુ. જ્યારે શેઠ જે.બી. ઉપાધ્યાય હાઈસ્કૂલ, પ્રાથમિક શાળઆએ રૂ. ૨૫ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યુ હતુ. સ્પર્ધક કક્ષાએ પટેલ આશ્વી અશોકભાઈ (સ્વ. શાંતિભાઈ ચુનીભાઈ પટેલ પ્રાથમિક શાળા, તલોદ)એ સુવર્ણ ચંદ્રક અને શાહ નીવ ભાવિકકુમાર (સ્વ. શાન્તુભાઈ ચુનીભાઈ પટેલ પ્રા. શાળા, તલોદ)એ રૌપ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો.

## પાલનપુરમાં ગૌરક્ષા મહાસંઘનાં સંગઠન મહામંત્રી તરીકે અનિલભાઈ ચક્રવતીની નિમણૂક

પાલનપુર ખાતે અખિલ ભારતીય ગૌરક્ષા મહાસંઘની સભા ગુજરાતના પ્રમુખ મુકેશ જોષીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં



પ્રદેશમાંથી મહાસંઘના ઈન્દિરાબેન જોષી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગાયને હિન્દૂ સંસ્કૃતી માં માતા નો દરજ્જો આપયો છે ત્યારે તેમાં ૩૩ કરોડ દેવિદેવતા ઓનો વાસ છે માટે ગાયો ના કતલ બંધ કરાવવા અને ગાયને રાષ્ટ્રીય પશુનો દરજ્જો આપવા કેન્દ્ર સરકારને અનુરોધ કરાયો હતો. પાલનપુરના સેવાભાવી સંકટ સેવા સમિતિ ટ્રસ્ટના અધ્યક્ષ અને નગરપાલિકાના પૂર્વ સભ્ય ભાજપના અગ્રણી અનિલભાઈ જેઠાભાઈ ચક્વતીને ગૌરક્ષા મહાસંઘના સંગઠન મહામંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી હતી.



## પાલનપુરમાં ગણેશ ભારથીજી દાદાનાના મહામહોત્સવમાં માનવ મહેરામણ ઉમટ્યો

પાલનપુરના લક્ષ્મીપુરા ગામમાં ત્રિ દિવસય મહામહોત્સવમાં માનવમહેરામણ ઉમટયો છે. પરમ પૂજય યોગી ગણેશભારથી દાદાના આ મહામહોત્સવમાં લક્ષ્મીપુરા ગામમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. ત્રણ દિવસના આ મહામહોત્સવમાં ધાર્મિક, લોકડાયરા તેમજ સાંસ્કૃતિક કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું છે. પાલનપુરમાં મુખ્ય માર્ગો પર શોભાયાત્રા પરિભ્રમણ કર્યુ હતું. ઠેર ઠેર જગ્યાએ શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રામાં મહિલા તેમજ પુરૂષો નવા વસ્ત્રોમાં સજ્જ થઈ માથા પર સાફો પહેરી ડીજે તાલે મસ્તીમાં નાચતા નજરે પડયા હતા. આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, ભાજપ અગ્રણી ગિરીશ જગાણીયા, સમાજના આગેવાન એ. કે. પટેલ સહિત લોકો મોટી જનમેદની સાથે હાજર રહ્યા હતા.

## બ્રહ્મસમાજ દ્વારા ૨૯મીએ બ્રહ્મ અધિકાર રેલી યોજાશે

ગુજરાતમાં વસતા ૬૨ લાખ બ્રાહ્મણોના આર્થિક, શૈક્ષણિક, સામાજિક અને સ્વાસ્થ્ય, સંસ્કૃત, ઉત્કર્ષ માટે બ્રહ્મ વિકાસ આયોગ રચવાની બ્રહ્મસમાજ દ્વારા માંગ કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા અન્ય જ્ઞાતિઓને જેવી કે ગુજરાત સરકાર દ્વારા ક્ષત્રિય ઠાકોર વિકાસ નિગમ, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, આદિવાસી જાતિ વિકાસ નિગમ, ગોપાલક વિકાસ બોર્ડ, મુસ્લિમ વકફ બોર્ડ જેવી સંસ્થાઓની રચના કરેલી છે અને પાટીદારો માટે પણ અલગ બોર્ડ કે આયોગની રચનાની વિચારણામાં છે ત્યારે બ્રહ્મવિકાસ આયોગની સ્થાપના કરવામાં આવે તેવી માંગણી સમાજ દ્વારા કરવામાં આવેલ છે.